મહત્તમ : ૩૬.૮ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૬ ટકા ● સાંજે ૨૪ ટકા
ગાંધીનગર તાપમાન

સેકટર-૨૨ ખાતે સાંજના સુમારે ઘ ટાઈપના મકાનમાં આગ લાગી

શહેરના સેકટર-૨૨ બ્લોક નં.૨૪-૨ ખાતે સાંજના સમયે અચાનક રૂમમાં આગ લાગી હતી. રૂમમાં આગ લાગતા પરિવારના સભ્યો ભયભીત થઈ ગયા હતા. આગમાં એસી, બારીઓ અને ગાદલું સહિત ચીજવસ્તુઓ બળીને સ્વાહા થઈ ગઈ હતી. બનાવની જાણ ફાયર વિભાગને કરતા તાત્કાલીક આવી જઈને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. ફાયર વિભાગના કર્મચારીઓએ આગને ફેલાતી અટકાવી હતી જેથી વધુ નુકશાન થવા પામ્યું ન હતું. આગને પગલે રૂમમાં કાળાશ ફેલાઈ ગઈ હતી. જો કે આગ કયાં કારણોસર લાગી તેનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. પરંતુ ઓવરહીંટીગને કારણે શોર્ટસર્કિંટથી આગ લાગી હોવાનું ફાયર વિભાગની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

ડુંગળીના સતત વધતા ભાવથી ગૃહિણીઓની આંખમાં આંસુ

ગાંધીનગર, તા.૪

અત્યારે હાલના સમયે મોંઘવારી માઝા મુકી રહી છે, પેટ્રોલ, ડીઝલ, ખાદ્યતેલ, ગેસ સિલિન્ડર સહિતના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે ગરીબોની કહેવાતી કસ્તુરીનો ભાવ આસમાનને આંબી રહ્યો છે. છ મહિનાથી વધુના સમયથી ડુંગળીના ભાવ નીચે આવ્યા નથી. ત્યારે હાલના સમયે ડુંગળીના ભાવ સાંભળીને ગૃહીણીઓની આંખમાંથી આસુ સરી પડે છે. ડુંગળીના મબલખ ઉત્પાદન થવા છતાય વચેટીયાઓ ડુંગળીનો ભાવ નીચો ઉતરવા દેતા જ નથી. સંગ્રહખોરીને પગલે ડુંગળીનો ભાવ ઉંચકાયો હોવાનું નાગરીકો માની રહ્યા છે. ડુંગળીનો ભાવ નીચે આવે તેની તરફ મીટ માંડીને નાગરીકો બેઠા છે.

મળતી વિગત મુજબ રાજયમાં ડુંગળીનો જથ્થો સૌરાષ્ટ અને નાસિક તરફથી આવે છે. જો કે વેપારીના જણાવ્યા મુજબ ડુંગળીનો પાક સારો હોવાથી ડુંગળી બમ્પર ઉત્પાદન થયું છે. હોલસેલના ભાવ પર નજર કરીએ તો ડુંગળીનો ભાવ કિલોના રૂ.૨૫ જ છે. તો છુટક બજારમાં આવતા ભાવ બમણો કેવી રીતે થઈ જાય છે તે વાત નાગરીકોને સમજાતી નથી. વેપારી વેપાર કરે અને બે પાંચ રૂપીયા કમાય તેની ના નથી પરંતુ આ વેપારીઓ તો રીતસરના નાગરીકોને લુંટી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. છેલ્લા આઠ માસથી બટાકા ડુંગળીનો ભાવ આસમાનને આંબી રહ્યો હતો. બટાકા અને ડુંગળી નાગરીકોના ઘરમાંથી ગાયબ થઈ ગયા હતા. જયારે હોટલ, રેસ્ટોરન્ટ, નાસ્તા તેમજ ખાણીપીણીની લારીઓ પરથી પણ ડુંગળી દેખાતી બંધ થઈ ગઈ હતી. સમય જતા બટાકાનો ભાવ કાબુમાં આવી ગયો છે. ત્યારે શહેરના સેકટર-૨૧, ૨૪ અને સેકટર-૭ ના બજાર સહિતની દુકાનોમાં ગરીબોની કસ્તુરીનો ભાવ કાબુમાં આવ્યો નથી. ભાવ વધારાને પગલે ગૃહિણીઓના બજેટ ખોરવાયા છે.શાક બજારમાં ડુંગળીનો ભાવ સાંભળી મહિલાઓ પરત ફરે છે. પહેલા તો ડુંગળી કાંપતી વખતે આંખમાંથી આંસુ આવતા હતા, પરંતુ હાલ તો ડુંગળીના ભાવ સાંભળીને આંખમાંથી આંસુ સરી પડે તેવી સ્થિતિ નિર્માણ પામી છે. વિધાનસભામાં પણ ખાદ્યતેલ,ગેસ સિલિન્ડર, પેટ્રોલ-ડિઝલ સહિતના ભાવ વધારા સામે વિપક્ષે બાંયો ચડાવી હતી. તેવા સમયે ડુંગળીનો ભાવ પણ આસમાને જતા મધ્યમ વર્ગની હાલત કફોડી થવા પામી છે.

જન્મદિને વધામણી

નિકેશ બ્રહ્મભટ્ટ
પત્રકાર
ગાંધીનગર સમાચાર
મો. ૯૯૧૩૦ ૯૮૬૨૦

એસ એસ પટેલ

હેનિલ આર ગજ્જર
મો. ૯૯૭૮૯ ૩૧૩૧૧

આજે પીડીઈયુ અને જીવીએફએલ વચ્ચે ઉદ્યોગ સાહસિકતાના વિકાસ માટે એમઓયુ સાઈન કરાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરની પંડિત દિનદયાળ ઉપાધ્યાય એનર્જી યુનિવર્સિટી ખાતે આવતીકાલે સાંજે ૪ કલાકે તા. ૫મી માર્ચ શુક્રવારના રોજ યુનિવર્સિટી તથા પીડીપીયુ ઈનોવેશન એન્ડ ઈન્ક્યુબોશન સેન્ટર અને ગુજરાત વેન્ચર ફાઈનાન્સ લિ. વચ્ચે ઉદ્યોગ સાહસિકતા સંબંધિત પ્રવૃત્તિઓના વિકાસ માટે એમઓયુ સાઈન કરવામાં આવશે. આ એમઓયુના આધારે પીડીપીયુ અને જીવીએફએલ સંશોધન તેમજ ઉદ્યોગ સાહસિકતા માટેની તકો ઉભી થાય તેવા માહોલને ઉત્તેજન આપવામાં આવશે.

પીડીઈયુ, પીડીપીયુ-આઈઆઈસી અને જીવીએફએલ વચ્ચે થનારા એમઓયુમાં પીડીઈયુ યુનિવર્સિટીની જવાબદારી નવા સંશોધનાત્મક વિચારોને બીઝનેસ મોડેલમાં પરિવર્તિત કરવાની તથા જીવીએફએલના સહયોગથી તેને યોગ્ય દિશામાં પ્રવાહિત કરીને મદદ પુરી પાડવાની રહેશે જયારે જીવીએફએલ આ સંદર્ભે વિવિધ રોકાણકારોને આકર્ષવા ઉપરાંત બંને પક્ષો સાથે મળીને ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહિત કરવાની જવાબદારી નિભાવશે. જે માટે સેમિનાર્સ, નેટવર્કીંગ ઈવેન્ટ્સ, વર્કશોપ્સ, ચર્ચાઓ વગેરેનું આયોજન કરશે જેથી યુવાઓમાં આ ક્ષેત્રે ઘોગ સાહસિકતાના ગુણોનો વિકાસ થઈ શકે.

રમકડાં-રમતોની ગુણવત્તા-સલામતી સંબંધિત સેમીનારમાં કલાશ્રી નિર્મિત નમૂનાનું નિદર્શન

ગાંધીનગર, તા.૪

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં સેફટી અને સ્ટાન્ડર્ડ સંબંધિત વિવિધ પ્રકારના રમકડાં તથા રમતો આધારિત એક જાગૃતિ સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમીનારમાં અમદાવાદની કલ્યાણી સાહસિક મહિલા વિકાસ સંઘના હેતલબહેન અમીન દ્વારા માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મધ્યમ અને લઘુ મધ્યમ ઉદ્યોગના ડાયરેકટર વિકાસ ગુપ્તા અધ્યક્ષપદે ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારમાં ગાંધીનગરની ફેબ્રીક આર્ટ તથા ડૉલ મેકીંગમાં કાર્યરત સુવિખ્યાત સંસ્થા કલાશ્રીના કલ્પનાબહેન અને મુકુલ મહેતા સહિત ૧૦થી વધુ મહિલાઓ દ્વારા નિર્મિત નમૂનાઓનું નિદર્શન યોજાયું હતું. વિજ્ઞાની ચિરાગ શાહ તથા ટોપ ડિઝાઈન ઈનોવેશન પ્રેસિડેન્ટ આસ્ટીન ડેવીસ સમક્ષ કરવામાં આવ્યું હતું.

એસ.એસ.વી. શાળામાં વિશ્વ વન્ય જીવ દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૪

એસ.એસ.વી. શાળામાં વિશ્વ વન્ય જીવ દિવસની ઉજવણી અંતર્ગત ચાર્ટ સ્પર્ધા યોજાઈ હતી. દર વર્ષે વિશ્વમાં ૩ માર્ચના દિવસને વિશ્વ જીવ દિવસ તરીકે મનાવવામાં આવે છે. આ દિવસ મનાવવાનો હેતુ વિશ્વ ભરમાં

ઝડપથી વિલુપ્ત થઈ રહેલી વનસ્પતિઓ, જીવજંતુઓ અને પ્રજાતીઓ ની સુરક્ષા માટે લોકોમાં જાગ્રુતતા લાવવાનો છે. વન્ય જીવનના સંરક્ષણ માટે ભારતમાં અલગ અલગ જગ્યાએ ઘણી વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરી બનાવવામાં આવી છે. જ્યાં તેમનું સારી રીતે સરંક્ષણ કરવામાં આવે છે.

આ દિવસની ઉજવણીના ભાગ રૂપે ગાંધીનગરમાં આવેલી એસ.એસ.વી શાળાના વિદ્યાર્થીઓએ પ્રાણીઓના અલગ અલગ ચાર્ટ બાનાવીને તેમના વિષે માહિતી પ્રાપ્ત કરી હતી.

રવિવારે ૧૫ ગામ રાજપૂત સમાજની કારોબારી બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૪

આગામી તા. ૭ માર્ચ, રવિવારના રોજ બપોરે-૨.૦૦ કલાકે શ્રી ૧૫ ગામ રાજપૂત સમાજની સમાજવાડી, વિહાર ચાર રસ્તા, બિલોદરા જિ. ગાંધીનગર ખાતે કારોબારી બેઠક યોજાશે. જેમાં સમાજમાં આમૂલ પરિવર્તન લાવવા અનેક ક્રાંતિકારી નિર્ણયો લેવામાં આવનાર છે.

કારોબારી બેઠકની કાર્યસૂચિ પ્રમાણે ગત સભાનું પ્રોસેડીંગ વંચાણે લઇ બહાલી આપવી તથા સમાજની નવીન જમીનની ફરતે પ્રોટેક્શન વોલ બનાવવી તેમજ રાજપૂત સંસ્કૃતિ પ્રમાણે સામાજિક સુધારણા અંગેના મુદ્દાઓની વિગતવાર ચર્ચા કરવામાં આવશે. તેમ ૧૫ ગામ રાજપૂત સમાજના મંત્રી ચરણસિંહ ડી. બારડે જણાવ્યું છે.

ગાંધીનગર ખાતે પ્રધાનમંત્રી જન ઔષધિ યોજના દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૪

દર વર્ષે માર્ચ મહિનામાં તારીખ ૦૧ થી ૦૭ દરમિયાન 'પ્રધાનમંત્રી જનઔષધિ દિવસ' અંતર્ગત ઉજવવામાં આવે છે જે અંતર્ગત ગાંધીનગર સેકટર -૨૪ તથા રાયસણ અને કુડાસણ ખાતે કાર્યરત પ્રધાનમંત્રી જન ઔષધિ સ્ટોર્સ દ્વારા આજે ગુરુવારે સવારે સેક્ટર-૨૩માં આર.જી. કન્યા વિદ્યાલય ખાતે આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના આચાર્ય, શિક્ષકગણ તથા વિદ્યાર્થીનીઓને ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે આ જ શાળાની વિદ્યાર્થીની 'જાનકી' તથા તેની સહયોગી દ્વારા પ્રધાનમંત્રી જનઔષધી યોજના, જનઔષધી સ્ટોર્સ, સ્ટોર્સમાં પોષણક્ષમ ભાવે મળતી જનઆરોગ્ય લક્ષી વિવિધ પ્રકારની જેનરીક દવા તેની કિંમત, ઉપયોગીતા સહિત વિવિધ મુદ્દે વિશે એક સ્લાઈડ્સ શોનું સુંદર રીતે પ્રેઝન્ટેશન આપીને માર્ગદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર ખાતે સેક્ટર-૨૪ સ્થિત જનઔષધી મેડિકલ સ્ટોર્સના સંચાલિકા ફોરમ ગક્ષ્ર દ્વારા આ શાળાની વિદ્યાર્થીનીઓને ૪૫૦ નંગ સેનેટરી પેડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ઓનલાઈન અંગ્રેજી ક્રોસ્ડ વર્ડસ ટેબલનું આયોજન

ગાંધીનગર, તા.૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ફેબ્રુઆરી માસમાં વિષયને લગતી પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી. જેમાં અંગ્રેજી ક્રોસ્ડ વર્ડ્સ ગેમ ટેબલ દ્વારા બનાવવામાં આવી હતી. આ પ્રવૃત્તિમાં ધોરણઃ૬ની વિદ્યાર્થીની બહેનોએ ભાગ લીધો હતો. જેનું માર્ગદર્શન મદદનીશ શિક્ષક ઘનશ્યામસિંહ ડાભીએ આપ્યું હતું. આ પ્રવૃત્તિમાં ભાગ લેવા બદલ શાળાના આચાર્યા બહેન નીરૂબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગરનું ગૌરવ

ગાંધીનગર, તા.૪

સરગાસણ ખાતે રહેતા અને પશુપાલન નિયામકની કચેરીમાં



ફરજ બજાવતા મનીષકુમાર ટાંકની સુપુત્રી ક્રિષ્ના ટાંકે અમેરિકામાં માસ્ટર ઈન કોમ્પ્યુટર સાયન્સના અભ્યાસ દરમિયાન જ એમેઝોન કંપનીમાં તગડા પેકેજ સાથે નિમણુંક મેળવી છે. ગાંધીનગરમાં જ ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરનાર ક્રિષ્ના ટાંકે મેળવેલી આ સિધ્ધિ એ તેમના માતા-પિતા ઉપરાંત ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

પશુપાલન નિયામકની કચેરીમાં ફરજ બજાવતા મનીષકુમાર ટાંકની દિકરી હાલમાં કેલીફોર્નીયા સ્ટેટ યુનિવર્સિટી ખાતે કોમ્પ્યુટર એન્જીનિયરીંગનો અનુસ્નાતક અભ્યાસ કરી રહી છે. કોમ્પ્યુટર એન્જીનિયરીંગના અનુસ્નાતકના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતી ક્રિષ્ના ટાંકે એમેઝોન કંપનીમાં સ્ટુડન્ટ એમ્બેસેડરની પરીક્ષા સફળતાપૂર્વક પૂર્ણ કરતા તેને એમેઝોન કંપનીએ તગડા પગાર સાથેની નોકરીની ઓફર કરી છે. મે માસમાં અભ્યાસ પૂર્ણ થયા બાદ તે એમેઝોન કંપનીમાં જોડાશે. તેની આ સિધ્ધિએ ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મદદનીશ સહકારી અધિકારીની એસીબી દ્વારા અટકાયત

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ખાતે પ્રધાનમંત્રી એમ્પ્લોયમેન્ટ જનરેશન પ્રોગામ હેઠળ ઓનલાઈન લોન લેવા માટે અરજી કરી હતી. અરજદારને ટ્રાન્સપોર્ટ સર્વિસ સેન્ટર માટે રૂ.૧૦ લાખની લોનની જરુર હતી. જેથી અરજદારનો લોન માટેનો ઈન્ટરવ્યુ તા. ૧૦ જુલાઈ ૨૦૨૦ ના રોજ સહયોગ સંકુલ ખાતે પાંચ અધિકારીઓએ લીધો હતો. ત્યારબાદ પાંચ પૈકી ગણેશ હિરાભાઈ પરમારે અરજદારને ૧૦ લાખની લોન એક ટકા લેખે કમિશન આપશો તો તમારુ કામ થશે તેમ કહ્યું હતું. જેથી અરજદારે કેટલું કમિશન થાય તેમ પુછતા અધિકારીએ રૂ.૧૦ હજાર કહ્યું હતું. તે સમયે અરજદાર પાસે સગવડ ના હોવાથી બીજા દિવસે આપીશ તેમ જણાવ્યું હતું. ત્યારબાદ તા.૧૪ જુલાઈ ૨૦૨૦ના રોજ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ખાતે અરજદાર ગયો હતો. જયાં ગણેશ પરમારને લોનના બદલામાં એક ટકા કમિશન પેટે દશ હજારની લાંચ આપી હતી. જો કે અરજદારે એસીબીનો સંપર્ક કર્યો ન હતો. પરંતુ ગણેશ પરમારનો લાંચ લેતો વિડીયો મોબાઈલમાં કેદ કરી લીધો હતો. ત્યારબાદ લાંચની રકમ અને ઓડીયોની ડીવીડી બનાવી એસીબી કચેરીને આપી હતી. એસીબી વિભાગે ડીવીડી ખરાઈ માટે એફએસએલ ખાતે મોકલી હતી.એફએસએલમાં એલબીએ પૃથ્થકરણમાં ૧૦ હજારની લાંચ રકમની માંગ અને સ્વીકાર્યાનું સમર્થન મળતા એસીબીએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મદદનીશ અધિકારી ગણેશ પરમાર અટકાયત કરી તેની સામે એસીબી પીઆઈ એચ.બી ગામેતીએ ફરીયાદ નોંધાવતા આ કેસની તપાસ હિંમતનગર વી.એન.ચૌધરી ચલાવી રહ્યા છે.

ઓનલાઈન ફોટો ફ્રેમ પ્રવૃત્તિનું આયોજન

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ઓનલાઈન શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીની બહેનો સહઅભ્યાસ પ્રવૃત્તિમાં રસ લે તેવા હેતુસર ધોરણ-૭ની વિદ્યાર્થીની બહેનો માટે ફોટો ફ્રેમ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં વિદ્યાર્થીની બહેનોએ આ પ્રવૃત્તિમાં રસપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રવૃત્તિનું આયોજન શાળાના સુપરવાઈઝર રાજેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મદદનીશ શિક્ષક પ્રવિણભાઈ એમ. પટેલે કર્યું હતું.

ગાંધીનગરના બે ખેલાડીઓએ ઈન્ડો થાઈ કીક બોકસીંગમાં ગોલ્ડ મેડલ હાંસલ કર્યો

ભારતની ટીમમાં ૯ ગુજરાતી ખેલાડીઓ પૈકી ૭ સુરતના અને ગાંધીનગરના ૨ ખેલાડી ચાર્મી ચૌહાણ અને શ્લોક ચૌહાણ : ભારતની ટીમે ૭ ગોલ્ડ સાથે કુલ ૧૨ મેડલ્સ જીત્યા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરની બાળ પ્રતિભાઓ માત્ર શહેર કે રાજય પુરતી મર્યાદિત રહેવાને બદલે આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળકી રહી છે. તાજેતરમાં ભુતાન ખાતે સંપન્ન થયેલ થાઈ-કીક બોકસીંગ ચેમ્પિયનશીપમાં ભારતની ટીમે યશસ્વી પ્રદર્શન કર્યું છે. આ ટીમમાં રાજયભરમાંથી જે ખેલાડીઓની પસંદગી થઈ હતી તેમાં ગાંધીનગરના બે ખેલાડી સામેલ હતા જેમણે ગોલ્ડ મેડલ જીતી પાટનગર સહિત દેશનું નામ પણ રોશન કર્યું છે.

ફુન્ટશોલિંગ ખાતે ગત તા. ૨૫ થી ૨૭ ફેબ્રુઆરી દરમિયાન યોજાયેલી ઈન્ડો-ભુતાન થાઈ કીક બોકસીંગ ચેમ્પિયનશીપ ૨૦૨૧માં ભારતની ટીમમાં કુલ ૯ ખેલાડીઓ ગુજરાતના પસંદગી પામ્યા હતા. આ પૈકી ૭ ખેલાડીઓ સુરત જિલ્લાના અને ૨ ખેલાડીઓ ગાંધીનગરના હતા. ભારતની ટીમે કુલ ૧૨ મેડલ્સ જીત્યા હતા જેમાં ૭ ગોલ્ડ મેડલ્સ, ૩ સિલ્વર મેડલ્સ અને ૨ બ્રોન્ઝ મેડલ્સનો સમાવેશ થાય છે. ભારતની ટીમમાં ગાંધીનગરના યુવા ખેલાડી ચાર્મી ચૌહાણ અને શ્લોક ચૌહાણે ભાગ લીધો હતો. જેઓ ગોલ્ડ મેડલ સાથે વિજેતા બન્યા હતા. સુરત જિલ્લાના ૭ ખેલાડીઓએ પણ ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ્સ જીત્યા હતા. આ ટૂર્નામેન્ટમાં ટીમના કોચ તરીકે હાર્દિક રાઠોડ સામેલ થયા હતા. જેમને ચેમ્પિયનશીપના જજ તરીકે પણ ટ્રોફી આપી સન્માનિત કરાયા હતા. ખેલાડીઓને તાલીમ આપવામાં તેમના ઉપરાંત જીતેન્દ્ર પરમાર અને મહિલા કોચ નેહા હિરાપરાનો સમાવેશ થાય છે. વિજેતા ખેલાડીઓને કોચ તથા તેમના શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. બન્સલ સંતોષ ભગીરથ પ્રસાદ**
  ઉ.વ. ૩૫, પિપરા, મહારાષ્ટ્ર
- **સ્વ. રહા અરૂણવા**
  ઉ.વ. ૬૫, સેકટર-૨૫
- **સ્વ. રાવલ સાધનાબેન ઉપેન્દ્રકુમાર**
  ઉ.વ. ૫૯, પેથાપુર
- **સ્વ. પ્રજાપતિ મોહનભાઈ ભવાનજી**
  ઉ.વ. ૭૦, વાવોલ, નારણનગર
- **સ્વ. રોનમા કાનજીભાઈ આત્મારામ**
  ઉ.વ. ૬૫, પેથાપુર
- **સ્વ. દંતાણી કાળુભાઈ બલુભાઈ**
  ઉ.વ. ૨૫, સે-૨૮, આદીવાડા
- **સ્વ. ડાભી કેશરબેન જશુજી**
  ઉ.વ. ૭૭, પેથાપુર